# ઉત્તરાયણના ઉલ્લાસમાં ૧ ૨ ૧ પક્ષીઓની પાંખો કપાઈ..!!

**સૌથી વધુ ઘાયલ થનારા પક્ષીઓમાં ૭૯ કબૂતર : એક બ્લેક આઈબીઝ સાથે ટીંટોડી, બગલાં, કુકડીયોકુંભાર, નકટો, કાબર, મેના અને કાગડાનો સમાવેશ : જોકે ઘાયલ પક્ષીઓની સંખ્યામાં ગત વર્ષ કરતા નોંધપાત્ર ઘટાડો : પતંગ રસિયાઓએ સવારે પતંગ ચગાવવાનું ટાળ્યું : માર્ગ અકસ્માતમાં ૧૮ જેટલા પ્રાણીઓને ઈજાના કોલ મળ્યાં**









કરૂણા એનિમલ અને પક્ષી બચાવો અભિયાન અંતર્ગત મકરસંક્રાંતિ નિમિત્તે પતંગોત્સવમાં આપણી મજા અને બીજાની સજા બની છે. ત્યારે ઉત્તરાયણમાં પતંગરસિકો જાણે અજાણે આવા ઘણા અબોલ નિર્દોષ આકાશમાં વિહરતા પક્ષીઓને ઈજાગ્રસ્ત કરતા હોય છે. એવું જ ચિલોડામાં મકરસંક્રાંતિના દિવસે બગલુ ચાઈનીઝ દોરીથી ઘાયલ થયુ. તેને ચિલોડાના જીવદયાપ્રેમી તાલુકા પંચાયતના સદસ્ય બિરેન પટેલના પરિવારે ઘાયલ બગલાને પકડીને વેદના ફાઉન્ડેશનને સારવાર અર્થે સોંપ્યુ હતુ.

ગાંધીનગરમાં ઉત્તરાયણનું પર્વ હર્ષોલ્લાસ સાથે ઉજવાયું પરંતુ આ વર્ષે પણ બે દિવસમાં આ લખાય છે ત્યાં સુધીમાં ૧૨૧ જેટલાં પક્ષીઓને પતંગની દોરીથી ઈજાઓ થવા પામી હતી જેમાંથી ૮ જેટલાં પક્ષીઓને બચાવી શકાયાં નહોતા. શહેરમાં પતંગની દોરીથી ઘાયલ થવામાં સૌથી વધુ ૭૯ કબૂતર હતાં જ્યારે અન્ય પક્ષીઓમાં બ્લેક આઈબીઝ, ટીંટોડી, બગલો, કુક્કડીયોકુંભાર, નકટો, કાબર, મેના અને કાગડાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઉત્તરાયણ પર્વ દરમ્યાન માર્ગ અકસ્માતમાં ઘાયલ થનાર પ્રાણીઓની સંખ્યા ૧૮ જેટલી હતી જેમાં ગાય, કૂતરાં અને નીલગાયનો સમાવેશ થાય છે. જોકે આ વર્ષે પતંગની દોરીથી ઘાયલ થતાં પક્ષીઓની સંખ્યા ઘટી હોવાનું નોંધાયુ છે જે પતંગરસિયાઓમાં આવેલી જાગૃતિની નિશાની છે.

રાજ્ય સરકાર દ્વારા ઉત્તરાયણ પર્વ નિમિત્તે શરૂ કરવામાં આવેલી ''કરૂણા અભિયાન-૨૦૨૦'' સહિત શહેરમાં સ્વૈચ્છિક રીતે પક્ષી બચાવ કાર્યમાં જોતરાયેલી સંસ્થાઓ તથા પક્ષીપ્રેમીઓના પ્રયાસોને પગલે શહેરમાં ઉત્તરાયણ પર્વ દરમ્યાન પતંગની દોરીથી ઘાયલ થયેલા પક્ષીઓની સંખ્યામાં ૩૫ થી ૪૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો. શહેરના ઈન્દ્રોડા પાર્ક ખાતે ગીર ફાઉન્ડેશન દ્વારા ગત વર્ષે ઉત્તરાયણ પર્વ દરમ્યાન બે દિવસમાં ૫૨ પક્ષીઓને સારવાર અપાઈ હતી તેની સરખામણીએ આ વર્ષે આ સંખ્યા ઘટીને ૩૨ સુધી આવી હતી. આ પ્રકારની સ્થિતિ શહેરના અન્ય પક્ષી બચાવ કેન્દ્રો પર જોવા મળી હતી. શહેરમાં સેક્ટર-૧૭ ખાતે ઘ-૪ સર્કલ નજીક કરૂણા અભિયાનનો કન્ટ્રોલ રૂમ તૈયાર કરાયો હતો જ્યાં તા. ૧૪ અને ૧૫ દરમ્યાન કુલ ૫૨ પક્ષીઓને સારવાર આપવામાં આવી હતી જેમાં ૪૯ કબૂતર, ૧ કુકડીયોકુંભાર, ૧ બગલો અને ૧ નકટોનો સમાવેશ થાય છે. અહીં લાવવામાં આવેલા ઘાયલ પક્ષીઓ પૈકી ૫ કબૂતરને વધુ ઈજાઓ થઈ હોવાથી તેમનુ સારવાર દરમ્યાન મોત થવા પામ્યું હતું. જ્યારે બાકીના પક્ષીઓ પૈકી આશરે સાતેક પક્ષીઓને નજીવી ઈજાઓ હોવાથી પ્રાથમિક સારવાર આપ્યા બાદ છુટા મુકી દેવાયાં હતા જ્યારે બાકીના તમામ પક્ષીઓને સઘન સારવાર સાથે દેખરેખ હેઠળ રાખવામાં આવ્યાં છે જેમાંથી તમામ પક્ષીઓનો જીવ બચાવવામાં સફળતા મળી છે. ઘ-૪ કન્ટ્રોલરૂમ ખાતે વન વિભાગના કર્મચારીઓ ઉપરાંત વનશ્રી ટ્રસ્ટ, પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ, હેપ્પી યુથ ક્લબ જેવી સંસ્થાઓના સ્વયંસેવકોએ બર્ડ રેકસ્ક્યુ માટે સેવાઓ આપી હતી. આ ઉપરાંત સેક્ટર-૩૦ માં મુક્તિધામ સ્મશાન ખાતે તથા મહાનગર પાલિકાના પશુ દવાખાના ખાતે પક્ષીઓને સારવાર આપવામાં આવી હતી.

### વાસી ઉત્તરાયણના દિવસે રેસ્ક્યુ કોલ બમણાં થયા

ઉત્તરાયણના દિવસે બપોર સુધી બર્ડ રેસ્ક્યુના માત્ર આઠ કોલ પ્રાપ્ત થયાં હતા પરંતુ બપોર પછી રેસ્ક્યુ કોલની સંખ્યામાં ધીમે ધીમે વધારો થયો હતો અને સૌથી વધુ કોલ સાંજના સમયથી રાત્રીના ૮ વાગ્યા સુધીમાં મળવા પામ્યા હતા. આમ છતાં ઉત્તરાયણના દિવસે કોલની સંખ્યા ૪૭ જેટલી હતી જ્યારે વાસી ઉત્તરાયણના દિવસે સૌથી વધુ રેસ્ક્યુ કોલ પ્રાપ્ત થયાં હતા.

### ચાઈનીઝ દોરીનો મોહ પતંગરસિયાઓએ ત્યાગ્યો

શહેરમાં સમગ્ર વર્ષ દરમ્યાન બર્ડ-સ્નેક રેસ્ક્યુ અને ઉત્તરાયણ પર્વ દરમ્યાન ગીર ફાઉન્ડેશન ખાતે ખડેપગે બર્ડ રેસ્ક્યુમાં સેવાઓ આપનાર જાણીતા પ્રકૃતિ પ્રેમી પ્રદિપ સોલંકીએ જણાવ્યું હતું કે 'આ વર્ષે ચાઈનીઝ દોરીથી ઘાયલ થયેલા પક્ષીઓના રેસ્ક્યુ કોલ નહિવત જોવા મળ્યાં હતા જે દર્શાવે છે કે પતંગરસિયાઓમાં પણ જાગૃતિ આવી છે અને તેઓ ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરવાનં ટાળી રહ્યાં છે. આ એક આવકારદાયક બાબત છે કેમકે ચાઈનીઝ દોરીનો ઉપયોગ ઘટવાને કારણે સારવાર માટે લવાયેલા પક્ષીઓમાં પણ ગંભીર ઈજા પામતાં પક્ષીઓની સંખ્યામાં નોંધપાત્ર રીતે ઘટાડો થવા પામ્યો છે.

### ગંભીર રીતે ઘાયલ પક્ષીઓને મનપાના પશુ દવાખાના તથા ઈન્દ્રોડા પાર્ક ખાતે સારવાર અપાઈ

ગાંધીનગરમાં કરૂણા હેલ્પલાઈન ઉપરાંત ઘ-૪ સર્કલ નજીક સે. ૧૭ માં વન વિભાગની ઓફિસે તૈયાર કરાયેલ કન્ટ્રોલ રૂમ, સે. ૩૦ માં મુક્તિધામ તથા મનપાના પશુદવાખાના ખાતે અને ઈન્દ્રોડા પાર્કમાં ગીર ફાઉન્ડેશન ખાતે પક્ષીઓને સારવાર આપવામાં આવી હતી. જેમાં ગંભીર ઈજા પામેલા પક્ષીઓને સે. ૩૦ ના મનપાના પશુ દવાખાને ડૉ. મૌલિક પટેલ, ડૉ. પાર્થ ચૌધરી અને ડૉ. સ્નેહલ પ્રજાપતિએ તથા ગીર ફાઉન્ડેશન ખાતે ડૉ. અનિકેત તથા તેમની ટીમ દ્વારા ઓપરેશન, ટાંકા લેવા સહિતની સઘન સારવારની સેવાઓ આપવામાં આવી હતી.

## ખૂણેખાંચરેથી

- આજે સાંજે ૪ વાગ્યા પછી સ્વર્ણિમ પાર્કમાં ૫૦ થી પણ વધુ લોકોએ વાસી ઉત્તરાયણને લઈ પતંગ ચગાવી આનંદ લૂટ્યો હતો.
- આજે વાસી ઉત્તરાયણને લઈ વિવિધ કચેરીઓમાં કર્મયોગીઓની હાજરી ખુબજ ઓછી નોંધાઈ હતી.
- કલોલ તાલુકાના નારદીપુર ગામે ચાલતા કૂતરા કબુતરા ટ્રસ્ટ દ્વારા પતંગના દોરાની ગુંચો લઈ આવનાર બાળકને ખજૂર ઈનામ તરીકે આપવાની પરંપરા જાળવી રાખી છે.
- ગાંધીનગર શહેરમાં પ્લાસ્ટીકના દોરા અને પ્લાસ્ટીકના પતંગ ચગાવનારા પતંગરસિયાઓ પણ જોવા મળ્યા હતા.
- આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ગાંધીનગર મહાત્મા મંદિરમાં આવવાના હોવાથી કેટલાક કર્મયોગીઓને સવારે સાડા નવ વાગ્યાથી ડ્યુટી પર મહાત્મા મંદિરમાં પોસ્ટીંગ અપાયું હતું.
- શહેરમાં ઉત્તરાયણ પર્વ નિમિત્તે ચગાવાતી તુક્કલો આ વખતે શહેરમાં ક્યાંક જ જોવા મળી હતી.

## વાત-વાતમાં.....

- શહેરમાં ઉત્તરાયણ દરમ્યાન ફટાકડાં ફોડવાની પ્રણાલીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. આ સાથે ચાઈનીઝ તુક્કલની ઉડાડવાની જોખમી પ્રવૃતિને પણ પતંગરસિયાઓએ ટાળી હતી તે એક પ્રસંશનીય બાબત છે.
- શહેરમાં આ વર્ષે ઉત્તરાયણ દરમ્યાન બર્ડ રેસ્ક્યુની ઘટનામાં પણ ઘટાડો જોવા મળ્યો હતો જેની સાપેક્ષ બર્ડ રેસ્ક્યુ કાર્ય માટે યુવા સ્વયંસવેકોની સંખ્યા જેમાં યુવતિઓની સંખ્યા પણ નોંધપાત્ર રીતે વધુ જોવા મળી હતી. અનેક સ્વયંસેવકોના ફાળે તો માંડ એકાદ કોલ અથવા કેટલાકના ફાળે તો એક પણ રેસ્ક્યુ કોલ આવ્યા નહોતા.
- ઉત્તરાયણના પર્વના દિવસે ધાબા પર પરિવાર કે મિત્રો સાથે ઉજવણીની મજામાં ગરબા એક અનિવાર્ય પરિબળ બની ચુક્યુ છે. સાંજના સમયે જ્યારે અંધારૂ થવા લાગે ત્યારે પતંગબાજો બધુ સમેટીને નીચે ઉતરતા પહેલા ધાબા પર ગરબા રમવાનુ શરૂ કરી દે છે જેમાં આ વર્ષે ટીમલી સાથે હેલ્લારોનો ગરબો સૌથી વધુ લોકપ્રિય રહ્યો હતો.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



**છાનામાના પતંગ ચગાવવા લાગો... ડોક્ટરે કીધુ હતું ને કે મોબાઈલમાં ચોટ્યા રહેવાથી સીધી ન થતી ડોક અત્યારે પતંગ ચગાવવાથી સીધી થઈ જશે...**

# ચિલોડા પોલીસે બે કારમાંથી દારુનો જથ્થો પકડી પાડ્યો

ગાંધીનગર, તા.૧૫

ચિલોડા પોલીસ ચંદ્રાલા નાકા પર પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન હિંમતનગર તરફથી અમદાવાદ તરફ જઈ રહેલી કારમાં દારૂનો જથ્થો હોવની બાતમી મળી હતી જેને પગલે પોલીસે વહેલી પરોઢે કાર ઉભી રખાવી હતી. પોલીસે કાર નં. જી.જે.૦૧.એચ.એસ.-૯૫૭૩ ચેક કરતા અંદર ૮ પેટીમાં વિદેશી દારુની ૯૬ બોટલ મળી આવી હતી. પોલીસે કાર ચાલકનું નામ પુછતા તેણે મુસ્તાક લાદુદીન લુહાર (ઉં.વ.૨૪ રહે સબલપુર રાયપુર રાજસ્થાન) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે રૂ.૩૬,૫૭૬ ની કિંમતનો દારૂ તેમજ ૭૦ હજારની કાર મળી કુલ રૂ.૧,૧૬,૫૭૬ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં ચિલોડા પોલીસનો સ્ટાફના જવાનો વાહન ચેકીંગ અને પેટ્રોલીંગમા હતા તે દરમિયાન ઉતરાયણના દિવસે સવારે ૬ વાગ્યાના સુમારે જી.જે.૨૭.કે.૪૧૭૦ ની કાર ઉભી રખાવી હતી. પોલીસે કારમાં તપાસ કરતા ૩૪ બીયરના ટીન મળી આવ્યા હતા. કારમાં સવાર બે નાગરીકોનું નામ પુછતા તેમણે નારોલના રમેશ ગંગારામ વૈધ (ઉં.વ.૨૯ સ્વામીનારાયણ સોસાયટી) તેમજ મનદિપસિંહ માનસિંહ જાડેજા (પંચવટી રો હાઉસ)હોવાનું સામે આવ્યું હતું. પોલીસે રૂ. ૩૭૭૪ નો બિયરનો જથ્થો અને કાર મળીને કુલ રૂ.૮૩૭૭૪ કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી બંન્ને સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આ બંન્ને યુવાનોને દારૂ અંગે પુછતાજ કરતા તેઓ રાજસ્થાનના ઠેકા પરથી ઉતરાયણમાં પીવા માટે લાવ્યા હોવાનું સામે આવ્યું હતું.

## શ્રી કષ્ટભંજન ગોદડીયા હનુમાનજી મંદિરનો છઠ્ઠો પાટોત્સવ મહોત્સવ યોજાશે

રાંધેજા-ગાંધીનગર ખાતે આવેલા સુંદરધામ આશ્રમ ખાતે તા.૧૭ ડિસેમ્બરને શુક્રવારના રોજ બપોરે ૧ થી ૬ કલાક દરમિયાન વિવિધ મંડળો દ્વારા ભજન તેમજ માં બહુચરનો આનંદનો ગરબો અને સુંદરકાંડના પાઠ યોજાશે. આ ધાર્મિક પ્રસંગે તમામ ભકતજનો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યુંછે. આ પ્રસંગે ભારતી બાપુ દ્વારા તમામ હનુમાન ભક્તોને પધારવા માટે હાર્દિક અનુરોધ કરવામાં આવે છે.

## ગાંધીનગર મનપાની ફૂડ શાખાએ સેમ્પલ લીધા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં અખાદ્ય ચીજોના વધેલા વેપાર અંગેની ઉઠેલી ફરિયાદો પછી શહેરનું તંત્ર હરકતમાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે મનપાની ફૂડ શાખા દ્વારા શહેરની વિવિધ ખાણી-પીણીની દુકાનોએથી ફાફડા-જલેબીના સેમ્પલ લઈ અને ચકાસણી માટે મોકલી આપ્યા છે.

સે. ૨૪, સે. ૭, સે. ૨૧, સે. ૬, ઘ-૨ વિસ્તારમાંથી આ સેમ્પલ લેવામાં આવતાં વેપારીઆલમમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. શહેરમાં અખાદ્ય ચીજોના વેપાર સામે તંત્ર આગામી દિવસોમાં લાલ આંખ કરશે તેમ મનાઈ રહ્યુ છે.

# ઉતરાયણના પર્વે ગાંધીનગરાઓએ લાખો રૂપિયાનું ઉંધીયુ-જલેબી ઝાપટ્યું

ગાંધીનગર, તા.૧૫

ઉતરાયણ પર્વની ગાંધીનગર શહેર સહિત સમગ્ર રાજયમાં ધામધુમથી ઉજવણી કરવામાં



આવી હતી. ત્યારે પતંગ રસિયાઓએ પતંગના આકાશી યુધ્ધના નજારા વચ્ચે મકાનના ધાબા પર પરિવાર-મિત્રોની સાથે ઉંધીયા-જલેબીની જયાફત માણી હતી.

શહેરમાં ૮૦ થી વધુ સ્ટોલ અને દુકાનોમાં ઉંધીયા-જલેબીનું વેચાણ થયું હતું. ઉંધીયા-જલેબીની ખરીદી માટે સવારથી જ લાંબી લાઈનો લાગી ગઈ હતી. જયારે કેટલાક વેપારીઓને તો બપોર સુધીમાં સ્ટોક પણ પુરો થઈ ગયો હતો. ત્યારે શહેરીજનોએ લાખો રૂપીયાનું ઉંધીયુ-



જલેબી આરોગીને ઉતરાયણની મોજ માણી હતી.

ઉતરાયણ પર્વમાં સ્વાદીષ્ટ અને ચટાકેદાર ઉંધીયું-જલેબી ખાવાનો અનેરો માહોલ જોવા મળે છે. ત્યારે ઉતરાયણના દિવસે ઉંધીયુ- જલેબી લેવા માટે દુકાનો તેમજ સર્કલ પર ઉભા કરેલા સ્ટોલમાં રીતસરની લાંબી લાઈનો લાગી હતી.

નગરજનો ઉંધીયુ જલેબીની ખરીદી માટે પડાપડી કરતા જોવા મળ્યા હતા. ત્યારે ઉંધીયાનો ભાવ શહેરમાં કિલોના રૂ.૨૮૦ હતો, જયારે જલેબીનો ભાવ રૂ.૨૪૦ તેમજ શુધ્ધ ઘી ની જલેબની ભાવ રૂ.૫૬૦ હતો. જયારે સર્કલો પર તેમજ સેકટરોમાં ઉભા કરવામાં આવેલા સ્ટોલ પર ઉંધીયા જલેબીના ભાવમાં તફાવત જોવા મળ્યો હતો. પરંતુ



સ્વાદના શોખીન અને ચટુકડા નગરજનોએ સ્વાદીષ્ટ અને ચટાકેદાર લાખો રૂપીયાનું ઉંધીયુ-જલેબી આરોગ્યું હતું.

ઉતરાયણ પર્વમાં ઉંધીયા-જલેબીની સાથે સાથે લીલવાની કચોરી, સમોસા, ખમણ, પાત્રા, ફાફડા સહિતના નાસ્તાની બોલબાલા હતી. શહેરના સેકટરોના આંતરીક માર્ગો તેમજ સર્કલો સહિત ૮૦ થી વધુ સ્ટોલ પર ઉંધીયા-જલેબીનું વેચાણ થયું હતું. શહેરમાં લાખો રૂપીયાનું ઉંધીયા જલેબીનો વેપાર થતા વેપારીઓમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# ભારતીય કૌશલ્ય સંસ્થાન રોજગારીનો રાજમાર્ગ બનશે

**ભારતીય કૌશલ્ય સંસ્થાનના શિલાન્યાસ સમારોહમાં કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહનું ઉદ્‌બોધન : મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિ**

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું છે કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુવાશકિતના સ્કીલ ડેવલપમેન્ટ માટે શરૂ કરેલા આયામો આવનારા દિવસોમાં રોજગાર નિર્માણના રાજમાર્ગ બનશે.

ગૃહમંત્રી શ્રી ભારત સરકારના સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રેનીયોરશીપ મંત્રાલય દ્વારા કલોલ નજીક નાસ્મેદમાં ૨૦ એકર જમીનમાં નિર્માણ પામનારા ઈન્ડીયન ઈન્સ્ટીટયૂટ ઓફ સ્કીલ્સના ભૂમિપૂજન અવસરે સંબોધન કરી રહ્યા હતા.

શ્રી અમિતભાઈ શાહે જે લોકો ભારતમાં બેરોજગારી વધી રહી છે તેવી વાતો કરે છે તેમની સ્પષ્ટ આલોચના કરતાં કહ્યું કે, ૫૦-૬૦ વર્ષ સુધી જેમણે શાસન કર્યુ તે લોકોએ બેરોજગારીની સમસ્યાના સમાધાન માટે શું કર્યુ?

ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું કે ૨૦૧૪માં શાસનદાયિત્વ સંભાળીને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની યુવાશકિતને સ્કીલ ડેવલપમેન્ટથી સશકત કરવા સ્કીલ ડેવલપમેન્ટનું અલગ મંત્રાલય કાર્યરત કર્યુ અને ઉદ્યમીતાને એક નવી ગતિ આપી છે.

આ સંદર્ભમાં ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું કે, ૧૩૦ કરોડની આબાદી વાળો આપણો દેશ સૌથી યુવા દેશ પણ છે. વિશ્વનું સૌથી મોટુ બજાર ભારત છે, તેના માટે વડાપ્રધાનશ્રીએ મેઈક ઈન ઈન્ડિયા અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને વધુ બળ આપવા કેન્દ્ર સરકારે ઉદ્યોગોને અનુરૂપ નીતિ બનાવી છે. રાજયો-રાજયો વચ્ચે આ માટે સ્પર્ધાઓ યોજાઈ રહી છે તેના પરિણામે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના વૈશ્વિક રેન્કિંગમાં ભારતે ૭૦ ક્રમ આગળ આવ્યુ છે.

ભારત વિશ્વનું સૌથી તેજ ગતિ કરતું અર્થતંત્ર બન્યું છે. ભારત ૫૦-૬૦ વર્ષમાં બે ટ્રિલિયન ડોલરની ઈકોનોમી સુધી પહોચ્યું હતુ જ્યારે છેલ્લાં પાંચ વર્ષમાં ઈકોનોમી બે થી







વધીને ત્રણ ટ્રિલિયન ડોલર સુધી પહોચી છે. આગામી વર્ષ-૨૦૨૪ સુધીમાં ભારતની ઈકોનોમીને પાંચ ટ્રિલિયન ડોલર સુધી લઈ જવાનો આપણે નિર્ધાર કર્યોછે, તેમાં યુવાનોનું સ્કીલ ડેવલપમેન્ટ મોટી ભૂમિકા ભજવશે એમ તેમણે યુવાઓને પ્રેરણા આપતા જણાવ્યું હતું.

ગુજરાતની ૨૭૨ આઈટીઆઈને આઈઆઈએસ સાથે જોડીને તેને વધુ અપગ્રેડ કરવા ટાટા ગ્રૂપના આઈઆઈએસના તજજ્ઞો રાજયભરની આઈટીઆઈને તાલીમ આપી આઈઆઈએસ સમકક્ષ બનાવે તેવો અનુરોધ તેમણે શ્રી રતન ટાટાને કર્યો હતો.

શ્રી રતન ટાટાએ તેનો ત્વરિત પ્રતિસાદ આપતાં ટાટા ટ્રસ્ટ આ માટે તત્પર છે.

૫૦ લાખ જેટલા યુવાનોને સ્કીલ ડેવલપમેન્ટ થકી ફાયદો થયો છે તેવું કહી કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર, ગુજરાત સરકાર અને ટાટા સન્સના સહયોગથી શરૂ થનાર આ સંસ્થાનમાં પાંચ હજાર છાત્રોને એક વર્ષમાં જ તાલીમ અપાશે. જેમાંથી ૭૦ ટકા જેટલા વિદ્યાર્થીઓને સંસ્થાનમાં યોજાતા પ્લેસમેન્ટમાં નોકરી મળી જશે,તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

વિશ્વમાં સ્કીલ આંદોલન થઈ રહ્યું છે, તેમ જણાવી કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશના યુવાનો પાછળ ન રહે તે માટે 'સ્કીલ ઈન્ડિયા' સાથે એપ્રેન્ટીશીપની યોજના જોડવામાં આવી છે. સ્કીલ ઈન્ડિયા અંતર્ગત ૨૩ લાખથી વધુ યુવાનો, ૯ હજાર જેટલી શાળાઓને 'સ્કીલ ઈન્ડિયા' સાથે જોડવામાં આવી છે. હાલમાં ૧૪,૯૦૦ થી વધુ આઈ.ટી.આઈ. દેશભરમાં કાર્યરત છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે કહ્યું કે, સમગ્ર દેશમાં જે ત્રણ ઈન્ડીયન ઈન્સ્ટીટયૂટ ઓફ સ્કીલ ડેવલપમેન્ટ શરૂ થવાના છે તેમાં સૌપ્રથમ ગુજરાતમાં ભૂમિપૂજન થયું છે તે ગૌરવપ્રદ ઘટના છે.

ગુજરાત દેશના ग्रोथ, ग्रोथ, એગ્રીકલ્ચર, મેન્યૂફેકચરીંગ અને ग्रोथ માં દેશનું અગ્રેસર રાજ્ય છે. હવે, આ નવિન ઈન્સ્ટીટયૂટ યુવાઓને વધુ કૌશલ્યવાન બનાવી રાજ્યની વિકાસયાત્રાને વધુ વેગવાન બનાવશે.

પ્રધાનમંત્રીશ્રીના મેઈક ઈન ઈન્ડીયા, ડિઝીટલ ઈન્ડીયા, સ્કીલ ઈન્ડીયા સ્ટાર્ટઅપ ઈન્ડીયા જેવા મિશનમાં ગુજરાતની યુવાશકિત અગ્રેસર રહી નયા ભારતના નિર્માણમાં પૂરજોશ સહયોગ આપી રહી છે.

ટાટા ના સહયોગથી શરૂ થઈ રહેલું ઈન્સ્ટીટયૂટ રાજ્યના યુવાનોને આવનારા સમયની માંગને પહોચી વળવા સજ્જ બનાવશે તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

નીતિનભાઈ પટેલે જણાવ્યું કે, આવનારી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધી રહ્યા છીએ તેનો મજબૂત પાયો આ સંસ્થાનું આજે ખાતમૂહુર્ત કરીને ઐતિહાસિક કદમ સરકારે લીધુ છે. અમદાવાદની આઈ.આઈ. એમ./ ઈસરો, અટીરા જેવી સંસ્થાઓ વિખ્યાત છે. એ જ રીતે પંડિત દિનદયાલ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી અને ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખૂબ જ નામના પ્રાપ્ત કરી છે. આ સંસ્થા કરતા પણ વધુ ઉપયોગી બની રહેનારી આ સંસ્થા ગુજરાતના વિકાસમાં મોટી હરણફાળ ભરવામાં ઉપયોગી બનશે.